ગાંધીનગર જિલ્લાના રેશનકાર્ડ ધારકો જોગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩(એનએફએસએ)ના અમલીકરણ માટે બારકોડેડ રેશનકાર્ડ સાથે મેપીંગની કામગીરી સંદર્ભે જિલ્લાકક્ષાએથી કર્મચારીઓની નિમણુંક કરવામાં આવી છે.

આ કામગીરી માટે નિમણૂંક પામેલ દરેક કર્મચારી ઘરેઘરે ફરીને બારકોડેડ રેશનકાર્ડ, કુટુંબના સભ્યોના ચૂંટણી ઓળખકાર્ડ, કુટુંબના સભ્યોના આધારકાર્ડ અને તેની ઈમેજ, કુટુંબના સભ્યોના મોબાઈલ નંબર, ગેસ કનેકશનની વિગત, બેંક ખાતાની માહિતી, બીપીએલ નંબરની માહિતી અને મનરેગા જોબ કાર્ડ તેમજ તેની ઈમેજની માહિતીની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરશે અને ઈમેજ અપલોડ કરશે.

ઉપર જણાવેલ તમામ આધારપુરાવાની ઝેરોક્ષ નકલ કુટુંબના સભ્ય -માણે વ્યાજબી ભાવના દુકાનના સંચાલક પાસે તા.૩૧/૦૫/૨૦૧૫ સુધીમાં અવશ્ય જમા કરાવવા અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા તથા સબસીડીવાળા અનાજ તેમજ ચીજ વસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે સર્વેયરને માહિતી અવશ્ય આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ બાબતે આપના દ્વારા રજૂ કરવામાં આવેલ દરેક વિગતો ગુપ્ત રાખવામાં આવશે. અને આપની માહિતીનો ઉપયોગ ફક્ત સરકારી કચેરીની કામગીરી અર્થે જ કરવામાં આવશે, તેવું અખબારી યાદીમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.

શનિ જયંતિના ઉપક્રમે 'હર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ' સંચાલિત શનિસંકુલ અડાલજ ખાતે રવિવારે શનિ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સવારથી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રી દરમ્યાન સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સવારે ૯ થી ૧૨ દરમ્યાન ફ્રી દંત ચિકિત્સા કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. દિવસ દરમ્યાન શ્રદ્ધાળુઓએ શનિદેવના દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

કાંતિવીર સાવરકરને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

કાંતિવીર વિનાયક દામોદર સાવરકરનો ૧૩૩મા જન્મ દિવસ નિમિત્તે વિધાનસભા બિલ્ડીંગમાં તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આગામી ૨૮ મે, ના રોજ સવારે ૧૧.૦૦ વાગે વિધાનસભાના અધ્યક્ષ સાવરકરને પુષ્પાંજલિ અર્પણ કરશે. ક્રાંતિવીર સાવરકર ઈ.સ. ૧૯૩૭-૪૭ દરમિયાન ભારતને અખંડિત રાખવા અને આઝાદી અપાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા. તેમણે ઈંગ્લેન્ડમાં કાયદાનો અભ્યાસ કર્યો હતો અને ૧૪ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

છાલાનો યુવાન ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીકના છાલા ગામના ૨૫ વર્ષીય યુવાને ચાર દિવસ અગાઉ ઝેરી દવા પી જતા આજે તેનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના છાલા ગામે ૨૫ વર્ષીય યુવાન રમેશ કાન્તીભાઈ ઠાકોરે અગમ્ય કારણોસર માતાપુરા ગામની સીમમાં જઈ ઝેરી દવા પી લીધી હતી. થોડા સમય બાદ ગામના એક વ્યક્તિની નજર બેભાન અવસ્થામાં પડેલ યુવાન પર પડી હતી. આથી તુરંત સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજ દિ થી ચાર દિવસ અગાઉ લાવવામાં આવ્યો હતો. જ્યાં આજે બપોરે સારવાર દરમિયાન આ યુવાનનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલના ડૉ. કાનને ચિલોડા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ આ બનાવ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના અગ્રણીઓના હસ્તે વડોદરામાં સ્કૂલનું ઉદ્‌ઘાટન

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી અને ભારતીય જનતા પાર્ટીના અગ્રણી અમિત ઠાકર તથા શૈલેષ સોટ્ટાના હસ્તે વડોદરા ખાતે અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ખોરજનો ૧૯ વર્ષીય યુવક ગુમ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીકના ખોરજ ગામે રેલવે પોલીસ મથક પાસે રહેતો ૧૮ વર્ષીય યુવાન રમેશ લાલજીભાઈ પઢિયાર ૧૦ દિવસ કોઈને પણ કહ્યા વગર ઘરેથી નીકળી જતા તેની જાણવા જોગ ફરિયાદ તેના પરીવારજનોએ અડાલજ પોલીસ મથકે નોંધાવી હતી. જે ફરીયાદના આધારે અડાલજ પોલીસે ગુમ થનાર યુવકની શોધખોળ શરુ કરી છે. યુવકની કોઈ પણ પ્રકારની માહિતી કે ઠેકાણું કોઈને પણ મળે તો નજીકના પોલિસ મથકમાં જાણ કરવા અડાલજ પોલીસે જણાવ્યું છે.

ગિયોડ પાટીયા પાસે એસ.ટી. બસની ટક્કરે મહિલાનું ઘટનાસ્થળે મોત

બસ ચાલક ટક્કર મારી મોત નિપજાવી સ્થળ પરથી નાસી છૂટ્યો : પોલીસે ચાલકની શોધખોળ શરૂ કરી

ગાંધીનગર, તા. ૧૮

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ગિયોડ ગામના પાટીયે વહેલી સવારે એસ.ટી. બસના ચાલકે બસ બેફામ ગતિએ હંકારી માર્ગ ઓળંગી રહેલ રાહદારી મહિલાને જોરદાર ટક્કર મારી કચડી નાખી હતી. જેથી મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર માર્ગ પર આજે વહેલી સવારે એસ.ટી. બસ જીજે-૧૮-વાય-૫૬૫૬ પુરપાટ ઝડપે પસાર થઈ રહી હતી. દરમિયાન બસ ગિયોડ ગામના પાટીયા પાસે પહોંચતા બેફામગતિએ બસ હંકારતા બસ ચાલકે માર્ગ ઓળંગતી મહિલાને અડફેટે લી જોરદાર ટક્કર મારી હતી. આથી મહિલા માર્ગમાં ફંગોળાઈ ગઈ હતી. આથી તેના શરીર અને માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. પરિણામે મહિલાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે અકસ્માત સર્જી એસ.ટી. બસનો ચાલક સ્થળ પરથી નાશી છૂટ્યો હતો. આ બનાવ અંગે ચિલોડા પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મહિલાના મૃતદેહને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યો હતો.

આ અકસ્માત અંગે ચિલોડા પોલીસ બસચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. આર. એચ. રાજપૂત ચલાવી રહ્યા છે.

ગજાનન સેવા સમિતિનું સેવા કાર્ય

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડામાં ૮ ગામોની વૃદ્ધ મહિલાઓને ૩ કિલો ચોખાની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૯૦ મહિલાઓને આ સહાયનું વિતરણ કરાયું હતું. જેમાં સેવા સમિતિના મિલિન્દ ગુપ્તે, દિનેશભાઈ, બિપીન સોની અને ડૉ. અતુલે સેવાઓ આપી હતી.

કેપિટલ ક્રિએટીવ કલબે વિવિધ વિષયોની માહિતી આપતો શૈક્ષણિક સેમિનાર યોજયો

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા.૧૮

પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ પરિણામની પ્રતિક્ષા થઈ રહી છે. બોર્ડની પરીક્ષાના પરિણામને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. કેપીટલ ક્રિએટીવ કલબ ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦-૧૨ અને સ્નાતક વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક માર્ગદર્શન શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રવાહની માહિતી પુરી પાડવામાં આવી હતી.

સેકટર-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલયના બ્રહ્માણી મેમોરીયલ હોલમાં ગઈ કાલ રવિવારે શૈક્ષણિક માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી. શિબિરની શરૂઆત દીપ પ્રગટાવી કરવામાં આવી હતી. કપીટલ ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી પરીચય આપ્યો હતો તેમજ કલબ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની રસપૂર્વકની માહિતી પુરી પાડી હતી.

સાયન્સ અને મેડીકલ ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓને અશોક નિર્માણ, ડીન મેડીકલ કોલેજ ડૉ. પ્રણય શાહે વિજ્ઞાન વિષયક ઉંડાણપૂર્વકની માહિતી પુરી પાડી હતી. જગદીશભાઈ ચૌધરીએ આર્ટસ અને કોમર્સ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આગવી છટામાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું અને સામાન્ય પ્રવાહમાંથી પણ આઈએએસ, આઈપીએસ, આર્મી ઓફિસર બની શકાય છે.

ગુજરાત યુનિ.ના કુલપતિ પટેલે એન્જીનિયરીંગ કક્ષામાં કૌશલ્ય બેઝ મેન પાવરની તાતી જરૂરીયાતની માહિતી આપી હતી. તેમજ પ્રવેશ પધ્ધતિની માહિતી આપી વિવિધ કોર્ષની સમજણ પુરી પાડી હતી. વધુમાં આર.ટી.ઈ. વિશે માર્ગદર્શન પુરું પાડયું હતું.

બદલાતા સમયમાં કાયદાકીય શિક્ષણ મહત્વનું છે. અને કાયદાના શિક્ષણથી રોજગારી પણ મેળવી શકાય છે તે વિશે હિમાંશુ પટેલે માહિતી આપી હતી. નાથુસિંઘ સોલંકીએ આઈ.ટી. કેરીયર અને ધવલ અગ્રાવતે સ્પર્ધાત્મક પરીક્ષા વિશે માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ શિબિરમાં સુનિલ ત્રિવેદી, પ્રદિપસિંહ બિહોલા, મહેશભાઈ પટેલ, વિજયસિંહ વાઘેલા, ચિમનભાઈ વિંઝુડા, ધ્રુવ પટેલ, મુકેશ મારુ સહિતના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

અડાલજ ખાતે ૨૮મીએ વિશાળ અન્નપૂર્ણાધામનો શિલાન્યાસ યોજાશે

આશરે ૪૫૦૦ ચોરસવારમાં આકાર લઈ રહેલ અન્નપૂર્ણા ધામમાં મંદિર ઉપરાંત કન્યા છાત્રાલય, વ્યવસાયિક તાલીમ કેન્દ્ર, વિશ્રામગૃહ, ભોજનાલય સહિત ફોટો ગેલેરી અને પાટીદાર લાઈબ્રેરીનું પણ નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

અડાલજ ખાતે ભવ્ય અન્નપૂર્ણા ધામનું નિર્માણ થવા જઈ રહ્યું છે. તા. ૨૮મી મે ગુરૂવારે સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મા અન્નપૂર્ણા મંદિર તેમજ કન્યા છાત્રાલયનું ખાત મુહૂર્ત અને શિલાન્યાસવિધિ કરાશે. આ પ્રસંગે સમારોહના અધ્યક્ષપદે કાગવડ ખોડલ ધામના પ્રમુખ નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સમગ્ર વિશ્વમાં પ્રથમવાર કુદરતની દેન એવા પાંચ તત્વો આકાશ, પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુની અનુભૂતિ દ્વારા ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે લેઉઆ પટેલ સમાજના આરાધ્ય દેવી મા અન્નપૂર્ણાનું વિશાળ અને ભવ્ય મંદિર આકાર લેવા જઈ રહ્યું છે. મા અન્નપૂર્ણા ટ્રસ્ટ અડાલજ દ્વારા નિર્મિત આ મંદિરની સાથે શૈક્ષણિક અને વ્યવસાયિક હેતુ માટેનું તાલીમ કેન્દ્ર અને એક સાથે ૫૦૦ વિદ્યાર્થીનીઓ રહી શકે તેવુ અદ્યતન કન્યા છાત્રાલયનું પણ નિર્માણ કરવામાં આવનાર છે.

ઉદ્‌ઘાટન સમારોહમાં દિપ પ્રાગટ્ય નિરમા ગૃપના કરશનભાઈ પટેલ, સરદાર ધામના ગગજીભાઈ સુતરીયા, ગણેશ હાઉસીંગના શેખરભાઈ પટેલ, મુંબઈના હિરા ઉદ્યોગપતિ પ્રવિણભાઈ ખેની, ઝાયડસ કેડીલા ગૃપના પંકજભાઈ પટેલ, જલધારા ટ્રસ્ટના મથુરભાઈ સવાણી, સાબરમતીની પુંખરાજ હોસ્પિટલના નારણભાઈ પટેલ તથા ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ શંકરભાઈ પટેલના હસ્તે કરાશે. સમારંભમાં મુખ્ય મહેમાનપદે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીન, ઉર્જા-પેટ્રોકેમિકલ્સના રાજ્યકક્ષાના મંત્રી ગોવિંદભાઈ પટેલ, શિક્ષણ-જળ સંપતિના રાજ્યકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી, પ્રવાસન અને પાણી પુરવઠાના રાજ્ય કક્ષાના મંત્રી જયેશભાઈ રાદડીયા, ભાજપના મહામંત્રી અને સાંસદ મનસુખભાઈ માંડવિયા, ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ અને પરેશ ધાનાણી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે અમદાવાદના મેમનગર ગુરૂકુલના પૂ. બાલકૃષ્ણ સ્વામી તેમજ ઝુંડાલ ગુરૂકુલના પૂ. પુરૂષોત્તમચરણ સ્વામી આર્શિવચન પાઠવશે. શિલાન્યાસ વિધિના આચાર્ય સે. ૨૨ પંચદેવ મંદિરના પૂ. ફુલશંકર શાસ્ત્રી રહેશે.

આશરે ૪૫૦૦ ચોરસવારના અતિ વિશાળ અન્નપૂર્ણા ધામ સંકુલમાં મા અન્નપૂર્ણા મંદિર ઉપરાંત કન્યા છાત્રાલય, વ્યવસાયિક તાલીમ કેન્દ્ર, વિશ્રામ ગૃહ, ભોજનાલય, લેઉઆ પાટીદારોના મહાનુભાવો, વિર શહીદો, સંતો અને સમાજ સેવકોની ફોટો ગેલેરી તેમજ પાટીદાર સાહિત્યની સંશોધનાત્મક લાઈબ્રેરીનું પણ નિર્માણ કરવામાં આવશે.

જુસિકાને સેક્ટર-૭માંથી એક જ સપ્તાહમાં બે ચક્ષુદાન પ્રાપ્ત થયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૭-ડી ખાતેથી એક જ સપ્તાહમાં જુનિયર સિટીઝન કાઉન્સિલમાં બે વ્યક્તિઓના ચક્ષુદાન પ્રાપ્ત થયા છે.

પ્રથમ ચક્ષુદાન તા. ૧૫મી મે ના રોજ પ્લોટ નં. ૧૨૯૩/૧ નિવાસી ૮૫ વર્ષીય દિવાળીબેન સુંદરજીભાઈ ગોહિલનું નિધન થતાં તેમના કુટુંબીજન ચંદ્રકાન્ત ગોહિલની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન મેળવાયું હતુ. આ કાર્યમાં ડૉ. મીત મસરાએ તથા જુસિકા કાર્યકર સન્ની વાઘેલાએ ચક્ષુદાનની સેવાઓ પુરી પાડી હતી. ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલની ચક્ષુબેંકમાં પહોંચાડવાની સેવા બાબુલાલ ચૌહાણે આપી હતી.

દ્વિતિય ચક્ષુદાન પ્લોટ નં. ૧૩૪૧ નિવાસી ૫૫ વર્ષીય શુભાબેન અરૂણ અમરાવતકરનું નીધન થતાં તેમના કુટુંબીજન ડૉ. અરૂણ અમરાવતકરની સંમતિથી તા. ૧૮મી મે ના રોજ મેળવાયુ હતુ. આ ચક્ષુદાન મેળવવા માટે ડૉ. શિલ્પાબેન ભટ્ટ તેમજ જુસિકાના કાર્યકર સન્ની વાઘેલાએ સેવાઓ પુરી પાડી હતી. ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલની ચક્ષુબેંકમાં પહોંચાડવાની જવાબદારી એમ.બી. મકવાણાએ નિભાવી હતી.

ગુજરાત જનક્ષત્રિય ટ્રસ્ટનું વિકાસલક્ષી અભિયાન

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતી જન ક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સમાજના ઉત્થાન અને વિકાસ માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. સમાજના ધોરણ-૧ થી ૧૨ અને સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. સમાજના યુવાનો-વિદ્યાર્થીઓ આઈએએસ, આપીએસ બને અને સરકારમાં સ્થાન શોભાવે તે માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. સ્ત્રીભ્રુણ અટકાવવ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮
સૂર્યાસ્ત : ૭.૧૬

તાપમાન

મહત્તમ : ૪૪.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૧૯ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

સ્ક્રીન-૩ :
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

સ્ક્રીન-૩ :
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

સ્ક્રીન-૫ :
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

સિંહ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. બાલકૃષ્ણ સુરેન્દ્રભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૬) પ્લોટ નં. ૩૪૨/૩, સે-૩૦, અક્ષર એવન્યુ, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન વિરસિંહ રાઠોડ (ઉ.વ.૮૦) ગામ - નાના જલુન્દ્રા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. સુરેશભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૩૬૭/૧, સે-૨૨, શ્રેયસ સોસાયટી, ગાંધીનગર
- સ્વ. બળદેવજી ભીખાજી ઠાકોર (ઉ.વ.૨૨) મુ. વાંકાનેરડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હંસાબેન રમેશભાઈ મહેતા (ઉ.વ.૬૦) ૬૧૪/૨, સે-૭બી, ગાંધીનગર